# Nirma University
# Library Resource Centre

NIRMA UNIVERSITY
NAAC ACCREDITED 'A' GRADE

Publication: **NavGujarat Samay** Edition: **Ahmedabad**
Date & Day: **11/01/2022 (Tues)** Page No: **05**

# નિરમા યુનિવર્સિટીની ટીમ ઈલેક્ટ્રિક સોલર વ્હીકલ ચેમ્પિયનશિપ જીતી

નવગુજરાત સમય > અમદાવાદ

નિરમા યુનિવર્સિટીના ટેક્નોલોજી વિભાગની એસએઈ નિરમા કોલેજિયેટ ક્લબની સ્ટેલિયન્સ ટીમે એશિયાની સૌથી મોટી સોલર વ્હીકલ ચેમ્પિયનશિપમાં ભાગ લીધો હતો. જેનું આયોજન આઈએસઆઈઈ ઇન્ડિયા, ઝંઝેરી, ચંદીગઢ ખાતે 24થી 28 ડિસેમ્બર દરમિયાન થયું હતું.




આ ટીમ દ્વારા મર્ક્યુરી નામનું એક વાહન તૈયાર કરવામાં આવ્યું હતું. જે આ ચેમ્પિયનશિપમાં વિજેતા જાહેર થયું હતું. આ વાહન તૈયાર કરનાર વિદ્યાર્થીઓની ટીમને દોઢ લાખનો રોકડ પુરસ્કાર પણ મળ્યો હતો. આ ચેમ્પિયનશિપનું આ આઠમું વર્ષ હતું, જે વર્ચ્યૂઅલી યોજાઈ હતી. તેમાં વિદ્યાર્થીઓ દ્વારા બનેલા મોડેલ આખરી નિર્ણાયકો પાસે પહોંચે તે પહેલા તેમણે અલગ અલગ 9 રાઉન્ડ પાસ કરવાના હતા. આખરી રાઉન્ડમાં નિર્ણાયકો દ્વારા વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. આ પહેલાં તેમણે ડિઝાઈન, કિંમત, બિઝનેસ પ્લાન અને સર્જનાત્મકતાની દૃષ્ટિએ મોડેલની ચકાસણીમાંથી પાર થવાનું હતું. આ ચેમ્પિયનશિપ માટે ભારતભરની 20 શૈક્ષણિક સંસ્થામાંથી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અલગ અલગ રાઉન્ડમાં વાહનની ગતિ, બ્રેક, ઢોળાવ પર ચઢવાની ક્ષમતા, ખરાબ માર્ગમાં ચાલવાની ક્ષમતા, સૂર્યઊર્જાની ક્ષમતા, તેમજ ટકાઉપણાની ક્ષમતા વિશેની ચકાસણી કરવામાં આવી હતી. જેમાંથી સ્ટેલિયન્સની ટીમ ઓવરઓલ બેસ્ટ, બેસ્ટ એન્ડ્યુરન્સ, બેસ્ટ બિઝનેસ પ્લાન એન્ડ કોસ્ટ પ્લાન, ફ્યુચર એવોર્ડ, બેસ્ટ એક્સેલેરેશન, બેસ્ટ હિલ ક્લાઈમ્બ, બેસ્ટ ઓટોનોમસ અને બેસ્ટ ઓફ રોડ કેટેગરીમાં પ્રથમ ક્રમાંકે આવી હતી.



આ પ્રોજેક્ટ અંગે વાત કરતા ટીમના કેપ્ટન હેનિલ ગજ્જરે જણાવ્યું કે, પેન્ડેમિકના મુશ્કેલ સમયમાં ટીમ માટે એકઠાં થવું અને આ વાહન બનાવવું મુશ્કેલ હતું. પરંતુ અમને યુનિવર્સિટીએ સેનિટાઇઝ કરેલી લેબ અને જરૂરી સાધનોની મદદ કરી, તેમજ અમને પ્રોત્સાહન પૂરું પાડ્યું જેથી અમે સુરક્ષિત રીતે અમારું સપનું સાકાર કરી શક્યા. બહારગામ રહેતા વિદ્યાર્થીઓ માટે કોલેજ દ્વારા રહેવાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.